# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-01-2026** **Midday : 2.30 TO 2.35 PM**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

## <u>સમાચારનાં અંતે</u>

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM VAV THARAD

રાજ્યના વાવ-થરાદ જિલ્લાના મલુપુર ખાતે 77-મા પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. દરમિયાન રાજ્યપાલ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખુલ્લી જીપમાં પરેડનું નિરીક્ષણ કરી નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું.  આ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી પણ ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રગૌરવની ભાવના સાથે રાજ્યકક્ષાની ઉજવણીમાં શિસ્ત , શૌર્ય અને સંસ્કૃતિનો અદભુત સંગમ જોવા મળ્યો. મહાનુભાવો સમક્ષ સુરક્ષા દળોની સુવ્યવસ્થિત સલામી પરેડ , રોમાંચક કરતબ , કૌશલ્યપૂર્ણ પ્રદર્શન અને સ્થાનિક લોકસંસ્કૃતિને ઉજાગર કરતી રંગબેરંગી રજૂઆત દ્વારા સમગ્ર ઉજવણીને યાદગાર બનાવવામાં આવી હતી.

……………………….

# REPUBLIC DAY STATE WISE - 1

રાજ્યભરમાં વિવિધ મંત્રીઓ અને કલેક્ટર સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં 77-મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદ ગ્રામ્ય પોલીસ મુખ્યમથક મકરબા ખાતે ઉજવણી કરી. તેમણે ગરિમાપૂર્ણ સમારોહમાં રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો હતો અને સલામી આપી હતી. તેમજ પરેડનું નિરીક્ષણ કર્યું.

ગાંધીનગરના માણસામાં ઉર્જામંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં ઉજવણી કરવામાં આવી.

નવસારીમાં ચીખલીના નેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે નાણામંત્રી કનુ દેસાઈની ઉપસ્થિતિમાં પ્રજાસત્તાક પર્વ ઉજવાયો. આ પ્રસંગે નાણામંત્રીએ આ પર્વને ભારતીય બંધારણના મૂલ્યોને આત્મસાત કરી રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવાનો સંકલ્પ કરવાનો અવસર ગણાવ્યો.

રાજકોટના જેતપુરમાં કેબિનેટ મંત્રી જિતુ વાઘાણીની અધ્યક્ષતામાં જિલ્લાકક્ષાની ઉજવણી થઈ. આ પ્રસંગે તેમણે જિલ્લાના વિકાસ માટે 25 લાખ રૂપિયાનો ચેક અર્પણ કર્યો. સાથે જ સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારજનો અને 70 કર્મયોગીઓનું સન્માન કરાયું.

પાટણમાં સમી ખાતે રાજ્યમંત્રી સ્વરૂપજી ઠાકોરે ત્રિરંગો લહેરાવીને સલામી આપી હતી. આ પ્રસંગે આયોજિત પોલીસ દળના અશ્વ પ્રદર્શન અને સાંસ્કૃતિક કાર્યક્રમે લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

ગુજરાત વડી અદાલતના પ્રાંગણમાં મુખ્ય ન્યાયધીશ સુનિતા અગરવાલે ત્રિરંગો લહેરાવી સલામી આપી. આ પ્રસંગે વડી અદાલતના ન્યાયધીશો, નિવૃત્ત ન્યાયધીશો, ઍડવોકેટ જનરલ, ઍડિશનલ ઍડ્વોકેટ જનરલ્સ અને સરકારી વકીલો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરમાં ગુજરાત ભાજપ કાર્યાલય કમલમ્ ખાતે પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ ત્રિરંગો લહેરાવ્યો.

કચ્છના પ્રભારી મંત્રી કાંતિલાલ અમૃતિયાએ ભુજમાં ત્રિરંગો ફરકાવી કચ્છના લોકોને પ્રજાસત્તાક પર્વની શુભેચ્છાઓ પાઠવી.

સુરતમાં માંડવી તાલુકામથકે જિલ્લા કલેક્ટર ડૉક્ટર સૌરભ પારધીની અધ્યક્ષતામાં ઉજવણી થઈ. તેમણે પરેડનું નિરીક્ષણ અને ત્રિરંગાને સલામી આપી લોકોને પ્રજાસત્તાક દિવસની શુભેચ્છાઓ પાઠવી.

પંચમહાલમાં જિલ્લા કલેક્ટર અજય દહિયાએ પોતાના નિવાસસ્થાન ખાતે રાષ્ટ્રધ્વજને સલામી આપી ધ્વજવંદન કર્યું.

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથના સાંનિધ્યમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી થઈ. તેમાં પોલીસ, અશ્વદળ તથા સુરક્ષા દળોએ કરેલી પરેડે આકર્ષણ જમાવ્યું હતું.

ભાવનગરના વલ્લભીપુરમાં રાજ્યમંત્રી કૌશિક વેકરિયા અને મહીસાગરમાં પ્રભારી મંત્રી પી. સી. બરંડાની ઉપસ્થિતિમાં પ્રજાસત્તાક પર્વ ઉજવાયો.

..............................

## REPUBLIC DAY STATE WISE -2

અરવલ્લી જિલ્લાના મેઘરજ માં જિલ્લા કલેકટરના હસ્તે ધ્વજવંદન કરાયું તેમજ પોલીસ પરેડ અને સરકારની વિવિધ યોજનાઓ અંગે ટેબ્લો દ્વારા લોકો સુધી જનજાગૃતિના સંદેશાઓ પહોચાડાયા. આ અંગે જિલ્લા કલેક્ટર પ્રશસ્તિ પારીકે જિલ્લાના વિકાસની ગાથા રજૂ કરી.

**BYTE: PRASHASTI PAREEK, COLLECTOR, ARAVALLI**

દરમ્યાન આકાશવાણી અમદાવાદ પરિસરમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી.આકાશવાણીના કર્મચારીઓ અને અધિકારીઓએ રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. આ અંગે આકાશવાણી કાર્યાલયના વડા એન એલ ચૌહાણે લોકોને પ્રજાસત્તાક પર્વની શુભેચ્છાઓ પાઠવી...

BYTE - N L CHAUHAN

છોટાઉદેપુરમાં  બોડેલી ખાતે પ્રભારી મંત્રી ડૉ. મનિષા વકીલના હસ્તે ધ્વજવંદન કરાયું. તેમણે  જિલ્લાની વિવિધ સુરક્ષા પાંખોના જવાનો દ્વારા  પ્રસ્તુત કરાયેલી પરેડનું નિરિક્ષણ કર્યું

**BYTE - DR. MANISHA VAKIL**

**……………………..**

## GUJARAT TABLEAU

દિલ્હીમાં કર્તવ્ય પથ પર 77-મા પ્રજાસત્તાક દિવસની પરેડમાં 17 રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશો તથા કેન્દ્ર સરકારના વિવિધ વિભાગની 13 ઝાંખી સહિત કુલ 30 ટૅબ્લોનું પ્રદર્શન થયું. કર્તવ્ય પથ પર સાંસ્કૃતિક પ્રસ્તુતિમાં બે હજાર 500 જેટલા કલાકારોએ ભાગ લીધો હતો. જ્યારે દેશભરમાંથી 10 હજાર જેટલા વિશેષ મહેમાનોને આમંત્રિત કરાયા હતા.

આજની પરેડમાં ગુજરાતના ટૅબ્લોએ આકર્ષણ જમાવ્યું હતું. કેન્દ્રીય અનામત પોલીસ દળ  – **CRPF**નાં સહાયક કમાન્ડન્ટ સિમરન બાલાએ  **CRPF**ની પુરુષોની કન્ટિજન્ટનું નેતૃત્વ કરી ગુજરાતને ગૌરવ અપાવ્યું.

સાથે જ નવસારીમાં જન્મેલા તથા ગુર્જરભૂમિના તેમના નામાંકિત ક્રાંતિવીર સાથીઓ શ્યામજી કૃષ્ણવર્મા અને સરદારસિંહ રાણાની સાથે વિદેશની ભૂમિ પરથી ક્રાંતિજ્યોત જગાવનારાં મૅડમ ભિખાઈજી કામાએ તૈયાર કરેલા  'વંદે માતરમ્ ' લિખિત ધ્વજની યશોગાથાનું વર્ણન  ,  'ચરખા'ના માધ્યમથી સ્વદેશીનો મંત્ર આપનારા મહાત્મા ગાંધીજીની સ્મૃતિ સાથે પ્રવર્તમાન  'આત્મનિર્ભર ભારત ' અભિયાનના સુભગ સમન્વય આ ટૅબ્લોની અનોખી ભાત ઉભી કરી હતી.

ઉલ્લેખનીય છે કે, 77-મા પ્રજાસત્તાક પર્વમાં આ વર્ષે પહેલી વાર "સાયલેંન્ટ વૉરિયર્સ" તરીકે જાણિતા પ્રાણીઓએ પણ પરેડમાં ભાગ લીધો.

……………………

# WPL CRICKET MATCH

મહિલાઓની પ્રીમિયર લીગ – **WPL** ટી-20 ક્રિકેટમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મુકાલબો થશે. વડોદરામાં કોટમ્બીના **BCA** સ્ટૅડિયમ ખાતે આજે સાંજે સાડા સાત વાગ્યે આ 16-મી મૅચ શરૂ થશે. બેંગ્લુરુની ટીમ સ્મૃતિ મંધાના અને મુંબઈની ટીમ હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરશે. પૉઈન્ટ ટેબલમાં હાલ બેંગ્લુરુની ટીમ પહેલા અને મુંબઈની ટીમ ચોથા ક્રમાંક પર છે.

…………………………